## સુરત શહેરી વિકાસ સત્તા મંડળ

'સુડા ભવન' ક્લેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરત.

એજન્ડા નં. ૫

*મોજે : વરિયાવ, તા. : ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (વરિયાવ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સદરહું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત.*

ઠરાવ નં. : ૨૪૨૮

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : વરિયાવ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (વરિયાવ) સુડાઃ સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજૂર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ. પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી, સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કરોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક(ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : વરિયાવ, તા. : ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (વરિયાવ) સુડા, સુરત બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે. અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાઓની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧-૧૦-૯૯ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા તા. ૧૨-૩-૨૦૦૧ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના મસય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક / કબજેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

### અધિસુચન

### નગર રચના યોજના નં. ૩૯ (વરિયાવ) : સુડા : સુરત.

નં. સુડા/મુ. ટી. પી. એસ. - ૩૯ (વરિયાવ).-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ-(૧) અન્વયે રચાયેલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના કરાવ નં. ૨૪૨૮ તા. ૨૩-૧૨-૨૦૦૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે, મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે નગર રચના યોજના નં. ૩૯ (વરિયાવ) જેની ચતુઃસીમા "પરિશિષ્ટ-અ" મુજબની છે. તે તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", ક્લેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે આવેલ કચેરીમાં જાહેર રજાઓના દિવસો સિવાયના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

## પરિશિષ્ટ-અ.

## નગર રચના યોજના નં. ૩૯ (વરીયાવ) : સુડા : સુરત

ચતુ:સીમા :-

ઉત્તરે : ક્રિભકો રેલ્વે લાઈન અને વરીયાવગામના નંબરો ૮૫/૨, ૮૮/૨, ૯૫/૨/પૈકી, ૯૬/૨/પૈકી, ૧૧૬/૨/પૈકી, ૧૧૫/૨/પૈકી, ૧૧૫/૨, ૧૧૩/૨ વિગેરે

દક્ષિણે : તાપી નદી

પૂર્વે : વરીયાવ ગામના નંબરો, ૧૪૩/૨, ૧૩૯, ૧૩૮, ૧૧૮, ૧૨૯/૧, ૧૩૪/૧, ૧૩૩/૧ વિગેરે.

પશ્ચિમે : લાગુ એસ. એમ. સી.ની હદ અને જહાંગીરપુરા ગામનો સીમાડો અને તેના નંબરો-૯૫/પૈકી, ૯૫, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૪૦, ૧૪૧, વિગેરે સારોલી ગામનો અંશત : સીમાડો અને લાગુ બ્લોક નંબર ૯૪ વગેરે.

સદરહું નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી : મોજે : વરીયાવના બ્લોક નંબર : ૩૯, ૪૦/એ, ૪૦/બી, ૪૧/એ, ૪૧/બી, ૪૨ થી ૪૫, ૪૬/૧, ૪૬/૨, ૪૭, ૪૮/૧, ૪૮/૨, ૪૯/૧, ૪૯/૨, ૪૯/૩, ૫૦ થી ૫૬, ૫૭/૧, ૫૭/૨, ૫૭/૩, ૫૮/૧/પૈકી-૧, ૫૮/૧/પૈકી-૨, ૫૮/૨/પૈકી-૧, ૫૮/૨/પૈકી-૨, ૫૯/૧, ૫૯/૨, ૬૦ થી ૬૨, ૬૩/૧, ૬૩/૨, ૬૪ થી ૭૫, ૭૬/૧, ૭૬/૨/૧, ૭૬/૨/બી, ૭૭ થી ૭૯, ૮૦/એ, ૮૦/બી, ૮૧, ૮૨, ૮૩/બી, ૮૪/બી, ૯૫/૨/બી, ૯૫/૨/સી, ૯૬/૨/બી, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦/૧, ૧૦૦/૨, ૧૦૧, ૧૦૨, ૧૦૩/૧, ૧૦૩/૨, ૧૦૪/૧, ૧૦૪/૨, ૧૦૫ થી ૧૧૧, ૧૧૨/બી, ૧૧૫/૨/એ, ૧૧૫/૩/બી, ૧૧૬/૨/બી, ૧૨૫/૨/બી, ૧૨૬/એ, ૧૨૭, ૧૮૩, ૧૮૪, ખરાબ રીવર ફ્રન્ટ એરીયા તથા કેનાલની જમીનો.

એજન્ડા નં. ૬

મોજે : વરિયાવ, તા. : ચોર્યાસી વિસ્તારમાં ગુજરાત નગર રચના તથા શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સદરહું યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવા બાબત:

ઠરાવ નં. : ૨૪૨૯

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતોએ મોજે : ઉત્રાણ તથા કોસાડ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) સુડા : સુરતની હદ દર્શાવતા મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજૂર થઈ આવેલ હદ નકશા તથા સર્વે થયેલ ઓ. પી. પ્લાન વિગેરે બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ અને તે અંગેની વિકાસ યોજનાની વિગતવાર માહિતી અને સમજ બોર્ડના સભ્યોશ્રીને આપવામાં આવી, સદરહું બાબતે સઘળી વિગતોની ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવ્યું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે સરકારશ્રી દ્વારા રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ઠરાવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં, બોર્ડ બેઠકમાં રજુ કરેલ પીન્ક(ગુલાબી) રંગથી દર્શાવેલ સુડાના શહેરી વિકાસ વિસ્તાર પૈકીના મોજે : ઉત્રાણ તથા કોસાડ, તા. ચોર્યાસી વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) સુડા, સુરત બનાવવાનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે. અને ઉપરોક્ત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા પ્રસ્તુત નગર રચના યોજનામાં, સરકારશ્રીના તા. ૧૧-૧૦-૯૯ના પરિપત્રની વિગતોએ અત્રેના સત્તામંડળ દ્વારા